Gujarati | ગુજરાતી

# અગ્રીમ પ્રાથમિક સંભાળ કેન્દ્રો

## શું તમારે તાત્કાલિક ડૉક્ટરને મળવાની જરૂર છે?

અગ્રીમ પ્રાથમિક સંભાળ કેન્દ્રો (પીપીસીસીઝ) તાકીદમાં ઇજા અથવા બીમારી થઇ હોય તેવા કોઇને પણ નિઃશુલ્ક સારવાર આપે છે.

પીપીસીસીના ડૉક્ટરો તમારે જરૂરી સારવાર તમને હોસ્પિટલના તત્કાળ વિભાગ કરતાં ઝડપથી મેળવવામાં મદદ કરશે.

તેઓ હળવા ચેપ, સામાન્ય દાઝ, મચકોડ અથવા હાડકાં તૂટયાંની આશંકા હોય તેવી સ્થિતિમાં સારવાર કરી શકે છે. પીપીસીસી સેવાઓમાં રોગનિદાન માટેની તપાસો (પેથોલોજી), ક્ષ-કિરણોત્સર્ગ તપાસો (રેડિયોલોજી) અને દવાની દુકાનોનો સમાવેશ થાય છે.

**જો તમને ગંભીર ઇજા અથવા બીમારી થઇ હોય તો, ત્રણ શૂન્ય (૦૦૦) પર ફોન કરો. જો તમારે તાત્કાલિક સંભાળની જરૂર ન હોય તો, તમારા કાયમી ડૉક્ટરની મુલાકાત ગોઠવો.**

પીપીસીસી સેવાઓ મેડિકેર કાર્ડ ધરાવતાં અથવા ન ધરાવતાં દરેકને માટે નિઃશુલ્ક છે.

પીપીસીસીમાં દુભાષિયા ઉપલબ્ધ હોય છે. અનુવાદ અને દુભાષિયા સેવા ટીસ નેશનલને ૧૩૧ ૪૫૦ પર ફોન કરો.

**સ્થળો અને વધુ માહિતી માટે બેટર હેલ્થ ચેનલની મુલાકાત લો:**
betterhealth.vic.gov.au/priority-primary-care-centres

TIS TRANSLATING AND INTERPRETING SERVICE

phn VICTORIAN-TASMANIAN ALLIANCE
An Australian Government Initiative

VICTORIA State Government